# CONCEPT PAPER ON RSK

## રોજગાર સેવા વિસ્તરણ કાર્યક્રમ અંગેનો નવો અભિગમ.
## રોજગાર સહાય કેન્દ્ર (આર.એસ.કે.)

ભારતના આયોજન પંચે દશમી પંચવર્ષીય યોજના દરમ્યાન દર વર્ષે ૧૦ લાખ રોજગારીની તકો ઉભી કરવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરેલ છે. સેવાનાં અસંગઠિત ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં નવી રોજગારીની તકો ઉભી થાય છે. સેવાના ક્ષેત્રે ઉભી થતી રોજગારીની આ તકો રોજગારવાંચ્છુઓને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થાતંત્ર ઉભું કરવું જરૂરી છે. સેવાના ક્ષેત્રે ઉભી થતી રોજગારીની તકો રોજગારવાંચ્છુઓ સુધી પહોંચાડવાના પડકારને પહોંચી વળવા માટે રોજગાર કચેરીઓ સક્ષમ નથી. ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રે ઉભી થતી રોજગારીની તકો રોજગાર વાંચ્છુઓ સુધી પહોંચાડવા માટે નવો અભિગમ, ઈન્ફરમેશન ટેકનોલોજીનો ઉપયોગ અને જાહેર ખાનગી ભાગીદારી જરૂરી છે આ બાબત ઉપર ધ્યાન આપવાથી રોજગાર સેવાનું વિસ્તરણ વધુ સારી રીતે દ્રષ્ટિગોચર અને અમલી થઈ શકશે. ગુજરાત સરકારે આ દિશામાં પ્રારંભ કરી તારીખઃ ૦૭/૦૨/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃ રગર/૧૧૨૦૦૨/૧૫૯૪/ર(ર) થી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે.

**વર્તમાન પરિસ્થિતિ. :**

૧. ગુજરાત રાજયમાં ૨૫ જીલ્લા રોજગાર કચેરીઓ,૭ યુનિ.રોજગાર અને માર્ગદર્શન બ્યુરો, ૫ નગર રોજગાર કચેરીઓ, આદિવાસી વિસ્તારોમાં અને ૫ અપંગો માટેની ખાસ રોજગાર કચેરીઓ છે.

૨. ૧૧ લાખ રોજગાર વાંચ્છુઓ રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલા છે, આ પૈકી ૮ લાખ શિક્ષિત બેરોજગારો છે. (અંદાજે ૮૦ ટકા) રોજગાર કચેરીઓ દ્વારા ૮૦ હજાર રોજગાર વાંચ્છુઓનું પ્લેસમેન્ટ દર વર્ષે થાય છે.

૩. પ્રતિવર્ષે ૮૦ હજાર રોજગારવાંચ્છુઓનું જે પ્લેસમેન્ટ મળે છે તેમાંથી ૨૦ થી ૨૫ હજાર (અંદાજે ૨૫ ટકા) એ શિક્ષિત અને કૌશલ્ય ધરાવતા રોજગાર વાંચ્છુઓ હોય છે. જેઓને ગુણવતાની દ્રષ્ટિએ સારી નોકરીઓ મળે છે. બાકીની રોજગારીની તકો બિનકુશળ વ્યકિતઓને નીચા પગારધોરણવાળી નોકરીઓ મળે છે.

**૧.૦ પ્રસ્તાવના. :**

**રોજગાર વાંચ્છુઓ મોટી સંખ્યામાં નોંધાયેલ છે.**

૧.૧ ગુજરાત રાજયમાં રોજગાર કચેરીઓ રોજગાર વાંચ્છુઓ વચ્ચે ખુબ જ જાણીતી છે. જીલ્લાવાર ઓછામાં ઓછી એક રોજગાર વિનિમય કચેરી આવેલ છે. ઉપરાંત અનુસ્નાતક, શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો અનુસુચિત જનજાતિના વિસ્તારો માટે ખાસ કચેરીઓ પણ છે. રાજયની રોજગાર કચેરીઓમાં દર વર્ષે ર લાખથી વધુ નવા ઉમેદવારો નોંધણી કરાવે છે. રોજગાર કચેરીઓના દફતરે ૧૯૯૯માં ૯.૨૬ લાખ રોજગાર વાંચ્છુઓ નોંધાયેલા હતા. જે વધીને ૨૦૦૨ માં ૧૦.૫૪ લાખ થયેલ છે. આ વધારો નજીવો છે દર વર્ષે રોજગાર કચેરીઓ ખાતે ર લાખ રોજગાર વાંચ્છુઓ નામ નોંધણી કરાવે છે, અને રોજગાર કચેરીઓ દ્વારા ૭૫ હજાર રોજગાર વાંચ્છુઓને નોકરીની તકો પૂરી પાડવામાં આવે છે. આ આંકડાકીય માહિતી જોતાં દર વર્ષે ૧.૨૫ લાખ રોજગાર વાંચ્છુઓનો લાઈવ રજીસ્ટરમાં વધારો થવો જોઈએ. પરંતુ આમ બનવા પામેલ નથી. તેના કારણોમાં રોજગાર વાંચ્છુઓ પોતાના પ્રયત્નોથી રોજગારી મેળવે છે કે ત્રણ વર્ષના સમયગાળા બાદ રીન્યુ ન કરાવવાના કારણે તેઓનું રજીસ્ટ્રેશન રદ થાય છે. આ ઉપરાંત કદાચ રોજગાર કચેરીઓ ધ્વારા પ્લેસમેન્ટ મેળવી આપવાની પધ્ધતિમાંથી તેઓનો વિશ્વાસ ઉઠી ગયો છે.

**અતિઆવશ્યક આંકડાઓ વસ્તી ગણત્રી ૨૦૦૧.**
**(તમામ આંકડાઓ લાખમાં છે.)**

કુલ ગ્રામ્ય શહેરી

**એ. શ્રમ દળ** ૨૧૨.૪૭ ૧૪૯.૯૭ ૬૨.૫૦

મુખ્ય કામદારો ૧૭૦.૨૧૧૧૧.૧૪ ૫૯.૦૭

સીમાંત કામદારો ૪૨.૩ ૩૮.૯ ૩.૪

**બી.સંગઠિત ક્ષેત્રે રોજગારી.**

૧. જાહેર ક્ષેત્રે ૮.૭૯

૨. ખાનગી ક્ષેત્ર ૭.૪૨

**સી. અસંગઠિત ક્ષેત્રે રોજગારી**

(એનએસએસઓ : ૧૯૯૮)

૧. એકમોની સંખ્યા ૧૯

૨. તેમાં રોજગારી મેળવતી વ્યકિતઓ ૫૨.૮

**ડી. ગુજરાત રાજયનો જીડીપી**
**(વર્ષ : ૨૦૦૦–૨૦૦૧)**

૧. પ્રાથમિક ક્ષેત્ર (ખેતીવાડી વિગેરે) ૧૮.૨ %

૨. ગૌણ ક્ષેત્ર (ઉદ્યોગ વિગેરે) ૪૧.૪ %

૩. ટર્શીયરી (સેવાઓ વિગેરે) ૪૦.૪ %

**જોબ માર્કેટના બાંધણીમાં ફેરફાર. :**

૧.૨ છેલ્લા દાયકા દરમયાન સરકારી અને અર્ધ સરકારી ક્ષેત્રે નોકરીઓની સંખ્યા મર્યાદિત થયેલ હોઈ રોજગાર કચેરીઓનામાધ્યમથી થતા પ્લેસમેન્ટમાં કમી થયેલ છે. હકીકતે ૯૦ % થી વધુ કામદારો અસંગઠિત ક્ષેત્રે કામ કરે છે. આંકડાઓ બાજુનાકોઠામાં દર્શાવેલ છે. ત્યારે આપણા અર્થતંત્રના ઔદ્યોગિક અનેસેવાકીય ક્ષેત્રોમાં ખુબ જ વિકાસ થવા પામેલ હોઈ, નાના ધંધાઓ, એકમો અને ગૃહ ઉદ્યોગોમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થયેલ છે. પરંતુ આવી રોજગારીની તકો શોધવામાં હાલનું રોજગાર કચેરીઓનું તંત્ર સફળ થયેલ નથી. કારણ કેસી.એન.વી. કાયદો આવા અસંગઠિત ખાનગી ક્ષેત્રને લાગુ પડતોનથી. સરવાળે રોજગાર કચેરીઓ ખાતે ઉમેદવારોની સંખ્યા વધતી જાય છે, અને તેમનામાં નિરાશા તેમજ તંત્ર પ્રત્યે અસંતોષની લાગણીનો જન્મ થાય છે. આવા સંજોગોમાં રોજગારવાંચ્છુઓને વ્યકિતગત માર્ગદર્શન અને રોજગારી મેળવવા માટેનીમદદની ખાસ જરૂરત રહે છે.

**રોજગાર સેવામાં સુધારણા કરવી જરૂરી છે.:**

૧.૩ ઉપરોકત હેતુસર કોઈ વ્યવસ્થાનું નિર્માણ શકય ખરૂં કે જેથી જુદા જુદા વિસ્તારોમાં આવેલ ખાનગી ક્ષેત્રોમાં ઉભી થતી રોજગારીની તકોની માહિતી ઝડપભેર અને અસરકારક રીતે મેળવી રોજગાર વાંચ્છુઓને પ્લેસમેન્ટ આપી શકાય? જો હા, તો કેવી રીતે ? આ સંદર્ભે અત્રેથી રોજગાર સહાય કેન્દ્રનો વિચાર રજુ કરવામાં આવે છે કે જેઓ રોજગારવાંચ્છુઓ તેમજ રોજગાર કચેરીઓ વચ્ચે મહત્વની કડી બની શકશે.

**૨.૦ રોજગાર સહાય કેન્દ્રનો અભિગમ. :**

**વિકેન્દ્રીત રોજગાર સેવા. :**

૨.૧ રાજયની રોજગાર કચેરીઓ પાસે રોજગાર વાંચ્છુઓનું એક સમૃઘ્ધ ડેટાબેઈઝ છે. પરંતુ કમનસીબે તેઓ ખાનગીક્ષેત્રમાં ઉભી થતી રોજગારીની તકોની માહિતી અસરકારક રીતે ભેગી કરવામાં સક્ષમ નથી. ત્યારે જો દરેક વિસ્તારમાં એક રોજગાર સહાય કેન્દ્ર સ્થાપવામાં આવે અને તે કેન્દ્રને રોજગાર કચેરીઓ ખાતેની રોજગારવાંચ્છુઓના તમામ ડેટા બેઈઝ પુરા પાડવામાં આવે તો સ્થાનિક રોજગાર વાંચ્છુઓને ઉપલબ્ધ સ્થાનિક રોજગારીની તકો ઝડપભેર પુરી પાડી શકાશે. વધુમાં આવા કેન્દ્રો, રોજગાર વાંચ્છુઓના ડેટાબેઈઝ અદ્યતન રાખવામાં મદદરૂપ થશે. ઉપરાંત આવા કેન્દ્રો સ્થાનિક રોજગાર વાંચ્છુઓ તેમજ નોકરીદાતાઓને વ્યકિતગત રીતે સેવાઓ પુરી પાડશે અને સેતુરૂપ બની રહેશે.

**ખાનગી ક્ષેત્રની ભાગીદારી. :**

૨.૨ રાજયભરમાંના તાલુકાઓ/ ગામો અને શહેરોમાં આવા કેન્દ્રોની સરકાર કે ખાનગી ક્ષેત્રે સ્થાપી શકાય તેમ છે. પરંતુ ખાનગીક્ષેત્રની કામ કરવાની ધગશ, શકિત તેમજ સાહસિકવૃત્તિનો લાભ લેવા સારૂં આવા કેન્દ્રો ખાનગી ક્ષેત્રના સહકારથી સ્થાપવાનું નકકી કરેલ છે. શ્રમ અને રોજગાર વિભાગના તારીખઃ ૦૭/૦૨/૨૦૦૩ ના ઠરાવની નકલ સામેલ છે.

**રોજગાર સહાય કેન્દ્ર ધ્વારા રોજગારી. :**

૨.૩ રોજગાર કચેરીઓની જેમ જ આવા કેન્દ્રો લગભગ તમામ રોજગાર સેવાને લગતી કામગીરી કરવા સક્ષમ હોવા જોઈએ. વધુમાં આવા કેન્દ્રો ખાતે રોજગાર કચેરીના તમામ ડેટા બેઈઝ Interactive રીતે ઉપલબ્ધ કરાવવા જોઈએ અને તેઓની વિશ્વસનીયતા માટે રાજય સરકારે તેમને અધિકૃત પણ કરવા જોઈએ.

**રોજગાર સહાયની પબ્લીસીટી અને માર્કેટીંગ. :**

૨.૪ આવા કેન્દ્રોનાં સૂંચાલકોને રોજગાર કચેરીની કામગીરી કરવા સક્ષમ બનાવવા માટે તાલીમ બઘ્ધ કરવા જોઈએ સાથોસાથ આવા કેન્દ્રોની જાહેરાતની કામગીરી કેન્દ્ર સંચાલકે હાથ ધરવી જોઈએ.

**રોજગાર સહાય કેન્દ્રની ( (FEASIBILITY) ) સાઘ્યતા . :**

૩.૦ પ્રવર્તમાન રોજગાર સેવાના માળખામાં રોજગાર સહાય કેન્દ્રનું અમલીકરણ શકય ખરૂં ?

**ઈન્ફોરમેશન ટેકનોલોજીનો ઉપયોગ. :**

૩.૧ સદનસીબે ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત રાજય સૌથી અદ્યતન માળખાકીય સુવિધાઓ ધરાવે છે. જેનો ઉપયોગ કરી રાજયની તમામ રોજગાર કચેરીઓનું કોમ્પ્યુટીકરણ કરેલ છે અને એક બીજા સાથે જોડેલ છે. આ માટે નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરીએ એક એવી વેબસાઈટનું નિમાર્ણકરેલ છે કે જેના થકી રોજગાર કચેરીઓની તમામ કામગીરી કરવી શકય બને છે. આમ ઈન્ટરનેટના માઘ્યમથી આવી સગવડ ગુજરાતના દરેક ખુણે, ખરેખર વિશ્વના દરેક ખુણે પણ પહોંચાડવાનું શકય બન્યું છે.

**તાલીમ રોજગારનું પ્રવેશ દ્વાર. :**

૩.૨ તાલીમ અને રોજગાર નિયામકશ્રીની વેબસાઈટ (www.talimrojgar.org) તેમજ http://talimrojgar.guj.gov.in એક આભાસી એકસચેન્જની જેમ કામ કરી શકે છે. આ જાન્યુઆરી ૨૦૦૨ થી કાર્યરત છે. આમાં રોજગાર વાંચ્છુઓની તમામ વિગતો જેમ કે ઉંમર, લાયકાત, સરનામું, લિંગ, જાતિ, અનુભવ વિગેરે દર્શાવેલ છે. નવું રજીસ્ટ્રેશન ઉપરાંત પાસવર્ડઆધારીત રીન્યુઅલ અને અપડેશનની પણ સગવડ છે. પ્રશ્ન આધારીત મોડયુલો તેમજ ખાલી જગ્યાઓની વિગતો પણ દર્શાવવામાં આવે છે. વ્યવસાયિક માર્ગદર્શનની માહિતીના મોડયુલ ઉપરાંત માહિતી ખાતાના સાપ્તાહિક "રોજગાર સમાચાર" પણ દર્શાવવામાં આવે છે. ગત અગીયાર માસમાં (ફેબ્રુઆરી : ૨૦૦૩ સુધીમાં) ૮૦,૦૦૦ કરતાં વધુ મુલાકાતીઓએ વેબસાઈટ જોયેલ છે.

૩.૩ ઉપરોકત વેબસાઈટ ઉપરથી તમામ માહિતી જોઈ શકાતી હોવા છતાંય કેટલાક રોજગાર વાંચ્છુઓ કે નોકરીદાતાઓએ આનો ઉપયોગ કરેલ હોય તેમ જણાતું નથી. આનું કારણ ઈન્ટરનેટની સગવડતાના અભાવે કે વેબસાઈટની જાણકારીનો અભાવ કે વેબસાઈટના ઉપયોગની ક્ષમતાનો અભાવ હોઈ શકે છે. આ સગવડના મહત્તમ ઉપયોગ સારૂં રોજગાર સહાય કેન્દ્રો નોકરીદતાઓ તેમજ રોજગાર વાંચ્છુઓને મદદરૂપ બની રહેશે, તેવી ધારણા છે.

**૪.૦ રોજગાર સહાય કેન્દ્રની અમલીકરણ પધ્ધતિ :**

**અરજીઓ મંગાવવી તથા પસંદગીના ધોરણ. :**

૪.૧ રોજગાર સહાય કેન્દ્ર માટે છાપામાં જાહેરાત આપી અરજીઓ મેળવી એરીયાવાઈઝ પસંદગી કરવામાં આવશે. જેમાં સામાન્ય રીતે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, અભિરૂચિ, નાણાંકીય સધ્ધરતા, મકાનની સગવડ, કોમ્પ્યુટર નેટવર્કને લગતાં સાધનો વગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર ઘ્યાને રાખીને પસંદગી કરવામાં આવશે. સામાન્ય રીતે રોજગાર કચેરીમાં નોંધાયેલા ૨૦૦૦ રોજગાર વાંચ્છુદીઠ એક તાલુકામાં ઓછામાં ઓછા એક રોજગાર સહાય કેન્દ્રની મંજુરીનું ધોરણ રાખવામાં આવશે. પસંદગીની પધ્ધતિ એવી હશે કે રાજયના વધુમાં વધુ તાલુકા અને શહેરોનો સમાવેશ થઈ શકે.

**ક્ષમતામાં વધારો. :**

૪.૨ દરેક રોજગાર સહાય કેન્દ્રને રોજગાર કચેરીની કામગીરી અંગેની તાલીમ અને માહિતી રોજગાર અધિકારી દ્વારા પુરાં પાડવામાં આવશે.

**અધિકૃતતા. :**

૪.૩ રોજગાર અને તાલીમ નિયામકની કચેરીને રૂા.૧૦૦૦/– ત્રિવાર્ષિક ફી ભરી રોજગાર સહાય કેન્દ્રની અધિકૃતતા મેળવી શકાશે. અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર પોતાના જિલ્લામાં ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને અપડેશનની કામગીરી કરી શકશે, અને તેના બદલામાં ઉમેદવારો પાસેથી નિયત કરાયેલ ફી લઈ શકશે. સામાન્ય જનતા માટે આ વેબ સાઈટ ઉપર ડેટાબેઈઝનો ઉપયોગ કરવાની મર્યાદિત સગવડતા ઉપલબ્ધ છે. રોજગાર સહાય કેન્દ્ર માટે ડેટા બેઈઝનો ઉપયોગ કરવા ખાસ સર્ચ ફેસેલીટી સુવિધા ઉપલબ્ધ થશે. દરેક રોજગાર સહાય કેન્દ્રને લોગઈન આઈ ડી તેમજ પાસવર્ડ આપવામાં આવશે, જેના દ્વારા તે રોજગાર કચેરીઓ જેવી કામગીરી કરી શકશે. આમ છતાં આ જે ડેટા બેઈજ છે તેના પર રોજગાર કચેરીઓનો તથા રોજગાર અને તાલીમ નિયામકશ્રી અને સરકારશ્રીના તમામ જાતના અબાધીત અધિકાર રહે છે.

**રોજગાર સહાય કેન્દ્ર સ્વ.બજાર અને પ્રવૃત્તિઓનો વિકાસ. :**

૪.૪ દરેક રોજગાર સહાય કેન્દ્ર પોતાની સેવાની જાહેરાત રોજગાર વાંચ્છુ અને નોકરીદાતાઓને પોતાના ખર્ચે કરી શકશે. તેમજ પોતાના કાર્યક્ષેત્રના નોકરીદાતાઓ અને રોજગાર વાંચ્છુઓનો રૂબરૂ સંપર્ક કરી શકશે.

**રોજગાર સહાય કેન્દ્રની સેવા માટે ફી નું ધોરણ. :**

૪.૫ દરેક રોજગાર સહાય કેન્દ્ર રોજગાર વાંચ્છુઓ તેમજ નોકરીદાતાઓને જે સેવાઓ આપશે તેના બદલામાં ફી વસુલ કરી શકશે. રોજગાર વાંચ્છુઓ માટે ફી ના ધોરણો નકકી કરેલ છે તેટલી ફી લઈ શકશે. પરંતુ નોકરીદાતાઓને જે સેવાઓ આપશે તેના પર ફી ની કોઈ મર્યાદા લાગું પડશે નહીં.

**રોજગાર સહાય કેન્દ્રના રેકર્ડની જાળવણી. :**

૪.૬ દરેક રોજગાર સહાય કેન્દ્ર જે સેવાઓ આપશે તેનો રેકર્ડ રાખશે જે ચાર્જ તેઓ વસુલ કરશે તેની પહોંચ પણ આપશે. વધુમાં જે ખાલી જગ્યાઓની વિગતો મેળવશે તેનો રેકર્ડ અને રોજગારી મેળવે તે ઉમેદવારનો રેકર્ડ નિભાવવાનો રહેશે. તથા યાદી પણ રાખવી પડશે. જીલ્લાની રોજગાર કચેરીઓને તે માટેના નકકી કરેલા પત્રકો નિયમિત રીતે મોકલવાના રહેશે.

**ગુણવત્તા યુકત સેવાઓ. :**

૪.૭ રોજગાર સહાય કેન્દ્ર ચાર્જ લઈને જે સેવા રોજગાર વાંચ્છુઓ અને નોકરીદાતાઓને આપશે તે સેવાના ઉંચા માપદંડો જાળવી રાખવા પડશે આ બાબતે નિયામકશ્રી રોજગાર અને તાલીમ સાથે એક એગ્રીમેન્ટ (કરાર ખત) કરવું પડશે. જિલ્લાના રોજગાર અધિકારી અથવા તો અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત અચાનક સમયાંતરે કેન્દ્રોનું નિરીક્ષણ કરશે, અને જો કોઈ અનિયમિતતા માલુમ પડશે તો કરવામાં આવેલ કરાર મોકુફ કે રદ કરવાની સત્તા નિયામકશ્રીની રહેશે.

**અન્ય પ્રવૃત્તિઓ. :**

૪.૮ રોજગાર સહાય કેન્દ્ર ખાનગી ક્ષેત્રે ઉભી થયેલ તકો પુરી પાડવાની સાથે સાથે રોજગાર વાંચ્છુઓને સ્વરોજગાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં મદદરૂપ થશે. સરકારનાં જુદા જુદા ખાતાઓ ધ્વારા સ્વરોજગાર માટેની ઘણી યોજનાઓ ચલાવવામાં આવે છે. પરંતુ રોજગાર કચેરીઓની માફક આ ખાતાઓને પણ સેવા વિસ્તરણની મર્યાદાઓ નડે છે. રોજગાર સહાય કેન્દ્રો આ બાબતે સ્થાનિક અને વિકેન્દ્રીત તેમજ લોકોની નજીક હોવાથી વધારે અસરકારક રીતે કામગીરી કરી શકશે. આ રોજગાર સહાય કેન્દ્ર રોજગારની તકોનાં બજારનો અભ્યાસ કરી બજારની જરૂરીયાત મુજબ તાલીમ ધ્વારા કૌશલ્ય વિકાસ કરવા માટે આયોજકો, કેળવણીકારો, શાળા કોલેજો વગેરેને અગત્યની માહિતી પુરી પાડશે.

**૪.૯ રોજગાર સહાય કેન્દ્રો રોજગાર કચેરીઓનું પુરક બનશે. :**

રાજયમાં રોજગાર કચેરીના પૂરક તરીકે અધિકૃત રોજગાર સહાય કેન્દ્રનું સ્થાન (રોલ) રહેશે. જેને રોજગાર કચેરીના માળખા અને અંતરની મર્યાદાઓ નડશે નહીં. આમ છતાં તે કોઈપણ રીતે રોજગાર કચેરીના કાર્યનું સ્થાન લઈ શકશે નહી. રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર વાંચ્છુઓને અને નોકરીદાતાઓને જે સેવાઓ આપવામાં આવે છે તે સેવાઓ રોજગાર સહાય કેન્દ્રના કાર્યક્ષેત્રમાં પણ રોજગાર કચેરી દ્વારા પુરી પાડવાનું ચાલુ રહેશે. વધારામાં સરકારી અને અર્ધ સરકારીક્ષેત્રે ઉભી થતી જગ્યાઓ રોજગાર કચેરીમાં જ નોંધાશે, અને તેની સામે ફકત રોજગાર કચેરીઓ દ્વારા જ ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવશે. જયારે અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર ખાનગી નોકરીદાતા પાસેથી ખાલી જગ્યાઓ મેળવશે અને તેની સામે ઉમેદવારોના નામની ભલામણ કરશે. આ માટે કરવામાં આવેલ કરાર અને તેમાં નકકી કરવામાં આવેલ શરતો મુજબ આ અંગેના જરૂરી રેકર્ડ નિભાવશે. આ બાબતમાં જુદા જુદા અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો એક બીજાની સાથે સ્પર્ધા કરી શકશે.

**૫.૦ ઉપસંહાર. :**

**ઝડપી પ્લેસમેન્ટ સેવા. :**

૫.૧ પ્લેસમેન્ટ સેવાઓએ સરકાર દ્વારા પુરી પાડવામાં આવતી અગત્યની સામાજીક સેવા છે. ઈન્ફોરમેશન ટેકનોલોજીનાં અસરકારક ઉપયોગ થકી આ સેવા પુરી પાડવાનો નવો ચીલો અપનાવેલ છે, અમને વિશ્વાસ છે કે રાજયના વર્તમાન પ્લેસમેન્ટનાં દર એક વર્ષમાં બે ગણા થશે.

**ઉપભોકતાના સંતોષમાં વધારો. :**

૫.૨ ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી રેલ્વે રીઝર્વેશન જેવી ગ્રાહકને સેવાઓ પુરી પાડવાની પધ્ધતિ સફળ રહી છે. રોજગાર સેવાઓનું અંશતઃ ખાનગીકરણ એ રોજગાર વાંચ્છુઓને પ્લેસમેન્ટ સેવા પુરી પાડી તેઓના સંતોષનું પ્રમાણ વધારશે.આવી પધ્ધતિથી રોજગારદાતાઓને પણ લાભ પ્રાપ્ત થશે.

**રોજગાર સહાય કેન્દ્રનું ભવિષ્ય. :**

૫.૩ ભારતએ અર્વાચીન તથા પ્રાચીન જીવનશૈલીવાળો દેશ છે જે ભારત પણ છે જે ભારત સાથે ઈન્ડીયા પણ છે. આપણે આ બંન્નેને નજીક લાવી તેમનું અંતર ઘટાડવાનું છે. આ માટે નવો અભિગમ અને મોર્ડન ટેકનોલોજીનાં ઉપયોગથી આ ધ્યેય સિધ્ધ કરી સરકારે આગેવાની લેવાની જરૂરીયાત છે. રોજગાર સહાય કેન્દ્રની સેવામાં સરકારી અને ખાનગી ભાગીદારી દ્વારા રોજગાર સહાય કેન્દ્ર સેવાનું વિસ્તરણ કરી શકશે. આનો લાભ સરકારશ્રીનાં અન્ય ખાતાઓને પણ મળશે. રોજગાર સહાય કેન્દ્ર સરકાર ધ્વારા અપાતી બધી જ સેવા માટે એક બારી પધ્ધતિ બની શકશે તેમ જણાય છે. અને આ રીતે રોજગાર સહાય કેન્દ્રનું ભાવિ ઉજળું છે.

## <u>સરકાર માન્ય રોજગાર સહાય કેન્દ્ર માટેની શરતો અને કામગીરી.</u>

**અ. રોજગાર સહાય કેન્દ્ર મેળવવા માટેની લાયકાત. :**

૧. માત્ર સંસ્થાકીય અરજદારને એકથી વધુ અરજી કરવાની છૂટ રહેશે. પરંતુ એક થી વધુ અરજી કરવા માટે કેન્દ્ર દીઠ જુદી અરજી કરવાની રહેશે.

૨. સરકાર માન્ય રોજગાર સહાય કેન્દ્ર માટે અરજી કરનાર વ્યકિતએ ગુજરાત રાજયમાં ઓછામાં ઓછા છેલ્લા દશ વર્ષથી વસવાટ કરતો હોવો જોઈએ.

૩. અરજી કરનાર કે સંસ્થાકીય અરજદારના અધિકૃત પ્રતિનિધિની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ. (જન્મ તારીખના પુરાવા સહિત)

૪. અરજદાર કે અરજદારની સંસ્થાના પ્રતિનિધિએ ઓછામાં ઓછા સ્નાતકની તેમજ કોમ્પ્યુટર અંગેના પુરતું જ્ઞાન સહિતની લાયકાત ધરાવતાં હોવા જોઈએ. (શૈક્ષણિક લાયકાતના સર્ટીફીકેટ સહિત)

૫. કેન્દ્ર શરૂ કરવા અરજી આપવામાં આવે તો કેન્દ્ર સંચાલકે અરજી સાથે રૂા. ૧,૦૦૦/– ની ત્રિવાર્ષિક ફી એકાઉન્ટ ઓફીસર, રોજગાર અને તાલીમ નિયામકની કચેરીના નામે રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ કે પે ઓર્ડર દ્વારા ડીપોઝીટ તરીકે ભરવાનાં રહેશે. અરજી મંજુર થયેથી આ ડીપોઝીટ ત્રણ વર્ષની ફી તરીકે લેવામાં આવશે જે પરત મળવાપાત્ર નથી. અરજી નામંજૂર થવાના કિસ્સામાં ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૬. આવા કેન્દ્રો શરૂ કરવા માટે માલિકી કે કબજેદારના હેસીયતથી કાયદેસરની ઓછામાં ઓછા ૧૦૦ ચો.ફુટ જગ્યા હોવી જરૂરી છે.

૭. આવા કેન્દ્રોમાં કોમ્પ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, ટેલીફોન, ઈન્ટરનેટ જોડાણ, વગેરેની લઘુત્તમ સુવિધા અને તે ઉપરાંત વ્યવસાય માર્ગદર્શનને લગતું સાહિત્ય, રોજગારને લગતી જાહેરાતો તેમજ ઉમેદવારોને બેસવાની પુરતી સુવિધા હોવી જોઈએ. કેન્દ્ર શરૂ કરવા માટેની આ સગવડ આવશ્યક જરૂરીયાત ગણાશે.

૮. ઉપરોકત કામગીરી માટે જે કેન્દ્ર મંજુર કરવામાં આવે તો તે અરજદારે જાતે કે સંસ્થાકીય અરજદારનાં અધિકૃત પ્રતિનિધિ મારફતે નિભાવવાનું રહેશે. અધિકૃત પ્રતિનિધિની વિગતો અરજીપત્રક સાથે જ આપવાની રહેશે.

૯. કેન્દ્ર મંજુર થયેથી અરજી કરનારે તેમના અધિકૃત પ્રતિનિધિ સહિત (જયાં લાગુ પડે) નિયત થયેલા કરાર કરવાનું રહેશે.

૧૦. સંચાલકે અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર દર ત્રણ વર્ષે રીન્યુઅલ કરાવવાનું રહેશે.

**બ. અરજી મંગાવવાની અને પસંદગીની પધ્ધતિ. :**

૧. રોજગાર સહાય કેન્દ્ર પસંદ કરવા માટેની કમિટી અરજી તપાસી સ્થળ તેમજ કેન્દ્ર માટે અરજી કરનારની યોગ્યતા / અભિરૂચિ ચકાસીને કેન્દ્રની મંજુરી માટે વિચારણા કરી ભલામણ નિયામકશ્રી, રોજગાર અને તાલીમને કરશે. આવા કેન્દ્રો માટેની અરજીઓને મંજુર અથવા ના મંજૂર કરવાની સત્તા નિયામકશ્રી, રોજગાર અને તાલીમની રહેશે.

૨. રોજગાર સહાય કેન્દ્રની પસંદગીની પધ્ધતિ. :
પસંદગી સમિતિમાં નીચેનાં સભ્યો રહેશે.
ક. જે તે વિસ્તારનાં નાયબ નિયામકશ્રી (રોજગાર) અધ્યક્ષ.
ખ. જે તે જીલ્લાના નોડલ આઈ.ટી.આઈ. નાં પ્રિન્સીપાલ સભ્ય.
ગ. જે તે જીલ્લાના ઉદ્યોગ કેન્દ્રનાં જનરલ મેનેજર. સભ્ય.
ઘ. જે તે જીલ્લાના રોજગાર કચેરીનાં વડા. સભ્ય–સચિવ.

**ક. સરકાર માન્ય રોજગાર સહાય કેન્દ્રની કામગીરી અંગે તાલીમ સુવિધા. :**

૧. કેન્દ્ર ખાતે કામ કરતી અધિકૃત વ્યકિતને રોજગાર કચેરીની વેબસાઈટના માધ્યમથી કામગીરી જેવી કે રજીસ્ટ્રેશન, રીન્યુઅલ, અપડેશન, ખાલી જગ્યાની નોંધણી, સબમીશન વગેરેનો ખ્યાલ આવે તે માટે રોજગાર કચેરી ઘ્વારા તાલીમ આપવામાં આવશે. દરેક માન્ય કેન્દ્રને જે તે જીલ્લાના ડેટાબેઈઝને સવિશેષ રીતે access કરવા માટે લોગઈન આઈ.ડી. તેમજ પાસવર્ડ ફાળવવામાં આવશે.

૨. અધિકૃત વ્યકિતને ખાલી જગ્યાની જાણ કરવાનો ફરજીયાત કાયદો (સીએનવી એકટ) તથા તે અંગેના રીર્ટનસ અને તે મોકલવાની સમય મર્યાદા વગેરે અંગે તાલીમ આપવામાં આવશે.

૩. રોજગાર ખાતાની વેબસાઈટ ઉપર વ્યવસાય માર્ગદર્શન સાહિત્ય ઉપલબ્ધ છે તેના ઉપયોગની સમજણ આપવામાં આવશે.

૪. રોજગાર ખાતાની વેબસાઈટ પર સ્વરોજગાર યોજનાઓની જે માહિતી મુકવામાં આવેલ છે તે અંગે સમજણ આપવામાં આવશે.

**ડ. રોજગાર સહાય કેન્દ્રની કામગીરીનું ક્ષેત્ર. :**

૧. સામાન્ય સંજોગોમાં કોઈપણ રોજગાર સહાય કેન્દ્રની કામગીરીનો વિસ્તાર તેને ફાળવવામાં આવેલ વિસ્તાર તાલુકો / શહેર પુરતો જ રહેશે. અથવા જયાં મ્યુનિસિપલ કોર્પોરેશન છે ત્યાં જે તે વોર્ડ / વિસ્તાર પુરતો રહેશે. અંદાજીત ૨૦૦૦ નોંધાયેલ ઉમેદવારો દીઠ એક કેન્દ્ર આપવાનું આયોજન છે અને આવા ૨૦૦૦ ઉમેદવારોના રહેઠાણનો વિસ્તાર રોજગાર કેન્દ્રનો કાર્યક્ષેત્ર રહેશે.

૨. દરેક માન્ય કેન્દ્રને સબંધિત રોજગાર કચેરીથી અધિકૃત સીલ આપવામાં આવશે, જેનો ઉપયોગ કેન્દ્ર સંચાલક કે રજીસ્ટ્રેશન, અપડેશન, સબમીશન વિગેરે કામગીરી માટે કરવાનું રહેશે. કોઈપણ કારણોસર કેન્દ્ર બંધ થયે અથવા માન્યતા રદ થયે આ સીલ સરકારશ્રીની સંપતિ હોઈ પરત કરવાનો રહેશે.

૩. સરકાર માન્ય રોજગાર સહાય કેન્દ્ર પોતાના વિસ્તારના બેરોજગાર ઉમેદવારો તેમજ ખાનગી નોકરીદાતાઓ સાથે સાયુજય (Rapport)સ્થાપશે. આ માટે..

- બેરોજગાર ઉમેદવારો જયારે રોજગાર સહાય કેન્દ્રની મુલાકાત લેશે ત્યારે તેઓને લાગણીભર્યા આવકાર આપવામાં આવશે.
- બેરોજગાર ઉમેદવારોને બેસવાની, પીવાના પાણીની સુવિધા પુરી પાડવામાં આવશે.
- બેરોજગાર ઉમેદવારોના મનમાં કેન્દ્ર માટે વિશ્વસનીયતા તથા સાખ (Creditibility)ઉભી થાય તે માટે ઉમેદવાર પાસેથી શૈક્ષણિક લાયકાત, તાલીમ, અનુભવ, પસંદગી વિગેરેની વિગતવાર માહિતી મેળવી ઉમેદવારનો ડેટા અપટુડેટ બનાવાશે.
- બેરોજગાર ઉમેદવારોને જલ્દી રોજગારી મળે તે માટે રોજગાર કેન્દ્ર તેમના વિસ્તારમાં આવેલ તમામ ખાનગી નોકરીદાતાઓ સાથે ઘનિષ્ટ સંપર્ક સ્થાપી ઉપલબ્ધ ખાલી જગ્યાઓની વિગતો મેળવશે અને ઉમેદવારોને યોગ્ય રીતે તેની જગ્યાઓ ઉપર પ્લેસમેન્ટ માટે માર્ગદર્શન આપશે.
- બેરોજગાર ઉમેદવાર નિખાલસપણે પોતાની રોજગારની સમસ્યાની ચર્ચા કરવા પ્રેરાય તેવું વાતાવરણ ઉભું કરશે.

૪. રોજગાર સહાય કેન્દ્ર ઘ્વારા કરવાપાત્ર તમામ કામગીરીઓ તેમજ નિભાવવાપાત્ર તમામ રજીસ્ટર, રીર્ટનસ અંગેની વિગતવાર માહિતી સામેલ પરિશિષ્ટમાં–૧ આપેલ છે.

**ઇ. રોજગાર સહાય કેન્દ્રની પબ્લીસીટી. :**

૧. આવા કેન્દ્રનાં સ્થાનિક વિસ્તારનાં તમામ ઉમેદવારો / ખાનગી નોકરીદાતાઓ માટે પ્રચાર, પ્રસારનાં સાધનો જેવા કે બોર્ડ, બેનર, પેમ્ફલેટ, છાપા વિગેરે ઘ્વારા બહોળો પ્રચાર કરીને આ કેન્દ્રની સેવાઓ લોકોપયોગી થાય તેવા સંનિષ્ઠ અને સઘન પ્રયત્નો કરવાના રહેશે.

૨. કેન્દ્રનાં કાર્યક્ષેત્રમાં આવતાં તમામ ઉમેદવારો / ખાનગી નોકરીદાતાઓ સુધી વ્યકિતગત સંપર્ક સાધવા સુધીના તમામ પ્રયત્નો હાથ ધરી તમામ સુધી સેવા પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવાનો રહેશે.

**ઈ. રોજગાર સહાય કેન્દ્રની સેવાઓનું ફીનું ધોરણ. :**

૧. આવા કેન્દ્ર ધ્વારા પુરી પાડવામાં આવનાર વિવિધ સેવાઓ અંગેનું નિયત ભાવપત્રક કેન્દ્ર પર સ્પષ્ટ રીતે જોઈ શકાય અને વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં મુકવાનું રહેશે.

**ફી નું ધોરણ નીચે પ્રમાણે રહેશે. :**

- રજીસ્ટ્રેશન (નવું) રૂા. ૧૦–૦૦
- રીન્યુઅલ રૂા. ૫–૦૦
- અપડેશન (દરેક વખત) માટે. રૂા. ૧૦–૦૦
- વ્યવસાય માર્ગદર્શન અને સ્વરોજગારીના રૂા. ૫–૦૦
  પ્રિન્ટ આઉટનાં દરેક પેઈઝ દીઠ
- ER-I Employment return-I રૂા. ૨૫–૦૦
- ER-II Employment return-II રૂા. ૨૫–૦૦

૨. રોજગાર સમાચાર કે છાપાઓમાં આવતી કોઈપણ જાહેરાતના ફોર્મનું પણ તેઓ યોગ્ય કિંમત લઈ વેચાણ કરી શકશે.

૩. આવા કેન્દ્રએ ઉમેદવારનાં ઈ–મેઈલ એકાઉન્ટ રૂા. પાંચની ફી લઈને ખોલી શકશે. ઉમેદવારો ધ્વારા નિયામકશ્રી, રોજગાર કચેરી, કે અન્યને ઈ–મેઈલ મોકલી તેમજ મેળવી શકશે આવા દરેક સંદેશાની નકલ નિયામકશ્રીને મોકલવાની રહેશે. આ માટે સંદેશા દીઠ રૂા. બે ની ફી વસુલ કરવાની રહેશે.

૪. ઉમેદવાર પાસેથી ચાર્જવસુલ કરવા માટે પહોંચ બુકો જે તે વિસ્તારની રોજગાર કચેરીમાંથી મેળવવાની રહેશે. આ માટે જે ભાવ નકકી થાય તે ચૂકવીને મેળવવાની રહેશે.

**ઉ અન્ય બાબતો / શરતો. :**

૧. કેન્દ્ર સંચાલકે દર ત્રણ વર્ષે નિયત સમય મર્યાદામાં વખતો વખત નકકી થયેલ ફી ભરવાની રહેશે, અને કરારખત કરવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી માન્યતા રદ થયેલી ગણાશે. તેમજ વેબસાઈટના લોગ ઈન આઈ.ડી. તેમજ પાસવર્ડ આપોઆપ રદ કરવામાં આવશે.

૨. આ કેન્દ્રએ રોજગાર કચેરીઓ તરફથી અપાતી વિવિધ સેવા અને કામગીરી પ્રકારની કામગીરી થકી પ્રજાને સંતોષકારક રીતે સેવા આપવાની રહેશે.

૩. ઉપરોકત કામગીરી બાબતે જો કોઈ ફરીયાદ આવશે તે માટે સબંધિત જિલ્લાની રોજગાર કચેરીનાં વડા ફરીયાદ નિવારણની કામગીરી બજાવશે અને ફરીયાદનો નિકાલ કરશે. તેમ છતાં જો સ્થાનિક કક્ષાએ વિવાદનું કોઈપણ ઉકેલ ન આવે તો નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે. જે રોજગાર સહાય કેન્દ્રના સંચાલકને બંધનકર્તા રહેશે.

૪. આવા કેન્દ્રના સરળ સંચાલન માટે રોજગાર અને તાલીમ ખાતા તરફથી જે નીતિ નિયમો ઘડવામાં આવે તેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે, અને તેમાં વખતો વખત જે ફેરફાર કરવામાં આવશે તે કેન્દ્ર માટે બંધનકર્તા રહેશે.

૫. રોજગાર સહાય કેન્દ્ર કોઈપણ જાતની ગેરકાયદેસર પ્રવૃતિ કરવાની નથી કે કરવામાં ભાગ ભજવવાનો કે મદદ કરવાની નથી. જો તેમ કરવાનું ઘ્યાને આવશે તો ફોજદારી પગલાંઓ સહિતનાં કાયદાકીય પગલાંઓ લેવાની નિયામકશ્રીની સત્તાઓ અબાધિત રહેશે.

૬. કોઈપણ વિવાદ માટે માત્ર ગાંધીનગર ડીસ્ટ્રીક કોર્ટ સક્ષમ કોર્ટ ગણાશે.

૭. રોજગાર અને તાલીમ નિયામક કોઈપણ સમયે કોઈપણ કેન્દ્રને ૦૭ દિવસની નોટીસ આપી મોકુફ કરી શકશે. જયારે ઉભય પક્ષે ૩૦ દિવસની આગોતરી નોટીસ આપી રોજગાર સહાય કેન્દ્ર બંધ કરી શકશે.

## પરિશિષ્ટ – ૧.

રોજગાર સહાય કેન્દ્ર, રોજગાર કચેરીની તેમજ રીન્યુલ રજીસ્ટ્રેશન, અપડેશન વગેરેની જે કામગીરી કરે છે તે તમામ પ્રકારની કામગીરી કરી શકશે. આ માટેના વિગતવાર કાર્ય પધ્ધતિ નીચે મુજબ રહેશે.

**અ. રજીસ્ટ્રેશન. :**

૧. રોજગાર સહાય કેન્દ્ર ઉમેદવારનું રોજગાર અને તાલીમની વેબસાઈટ www.talimrojgar.org અથવા (http:/talimrojgar.gujrat.gov.in) ઉપર પ્રથમ ફ્રેશ રજીસ્ટ્રેશન કરી ટેમ્પરરી રજી. સર્ટીફીકેટ આપશે.

૨. રોજગાર સહાય કેન્દ્ર ધ્વારા અગાઉ કોઈપણ રોજગાર કચેરીમાં કરાવેલ રજીસ્ટ્રેશન ઉપરથી ટ્રાન્સફર રજીસ્ટ્રેશન કરી શકશે નહીં.

૩. આ કેન્દ્ર રજીસ્ટ્રેશન કરવામાં આવેલ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાચવશે અને વેરીફીકેશન વખતે રોજગાર અધિકારી સમક્ષ રજુ કરશે.

૪. આ કેન્દ્ર નામ નોંધણી કરાવેલ ઉમેદવારોના ઓરીજનલ પ્રમાણપત્રોની ચકાસણી કરી તેની પાછળ કેન્દ્રનો અધિકૃત સીલ લગાવશે જેના કારણે ઉમેદવાર અન્ય કોઈ રોજગાર કચેરી કે અન્ય અધિકૃત કેન્દ્રમાં ડુપ્લીકેટ રજીસ્ટ્રેશન કરાવી શકશે નહીં.

૫. આ કેન્દ્ર અરજદારોના રજીસ્ટ્રેશન કરશે તેનો તારીખવાઈઝ નિયત નીચે દર્શાવેલ નમુના મુજબનું રજીસ્ટર નિભાવશે.

**નમૂનો. :**

| અ.નં. | તારીખ | ઉમેદવારનું નામ/સરનામું ફોન સાથ | ટેમ્પરરી રજી.નંબર | ફાઈનલ રજી.નંબર | ઉમેદવારપાસેથી વસુલકરેલ ફીનીરકમ | ઉમેદવારની સહી | અધિકૃત વ્યક્તિની સહી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. |

૬. જિલ્લા રોજગાર કચેરી ધ્વારા પુરી પાડવામાં આવેલ ફી ની પહોંચ ઉમેદવારને આપવામાં આવશે.

૭. ટેમ્પરરી રજીસ્ટ્રેશન કર્યા બાદ, ત્રણ અઠવાડીયાની અંદર સબંધિત રોજગાર કચેરીએ જાતે પહોંચી રજીસ્ટ્રેશન કન્ફર્મ થયા બાદ ઉમેદવારને રજીસ્ટ્રેશન નંબર અને સર્ટીફીકેટ આપવામાં આવે તે નિયત રજીસ્ટ્રેશનના નિયત કોલમમાં લાલ પેનથી લખવાનો રહેશે.

**બ. રીન્યુઅલ. :**

૧. અધિકૃત કેન્દ્ર નામ નોંધણી કરાવેલ ઉમેદવારનું રીન્યુઅલ કરી શકશે.

૨. આ કેન્દ્ર રીન્યુઅલ કરાવેલ ઉમેદવારનું નિયત રજીસ્ટર તારીખ વાઈઝ નિભાવશે અને ઉમેદવારના ×–૧૦ બી પર રીન્યુઅલ તારીખ તથા હવે પછીના રીન્યુઅલ કરાવવાનો માસ અને વર્ષ લખી સીલ મારી સહી કરશે.

૩. રીન્યુલ કરાવેલ ઉમેદવારનું રજીસ્ટર નકકી કરેલા દિવસે સબંધિત રોજગાર કચેરીમાં જઈને વેરીફીકેશન કરાવી રોજગાર અધિકારીની સહી મેળવશે.

**રીન્યુઅલ રજીસ્ટરનો નમૂનો. :**

| અ.નં. | ઉમેદવારનું નામ | ઉમેદવારનો રજીસ્ટરનંબર | રીન્યુ કરાવ્યા તારીખ | રીન્યુઅલ માટે વસુલ કરેલ ફી | ઉમેદવારની સહી | અધિકૃત વ્યકિતની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

૪. રોજગાર સહાય કેન્દ્ર ખોટી રીતે રદ થયેલ (Wrongly Lapse) રજીસ્ટ્રેશનનું BOL(લાઈવ પર પરત લેવાની કાર્યવાહી) કરી શકશે નહી.

**ક. અપડેશન. :**

૧. આ કેન્દ્ર ઉમેદવારની લાયકાત, તાલીમ, અનુભવ પસંદગી વગેરેની નોંધ કરી રજીસ્ટ્રેશનમાં અપડેશન કરી શકશે.

૨. આ કેન્દ્ર પ્રથમ નોંધણી સમયે નોંધવામાં આવેલ ઉમેદવારની જન્મ તારીખ કે શૈક્ષણિક લાયકાતમાં ઘટાડો કરી શકશે નહી.

૩. આ કેન્દ્ર ઉમેદવારનું કોઈપણ પ્રકારનું અપડેશન કરશે તે માટે ઉમેદવાર પાસેથી અપડેશન સ્લીપ ભરાવી તેની ફાઈલ રાખશે.

૪. અપડેશન કરેલ ઉમેદવારનું તારીખવાર રજીસ્ટર નિભાવશે તથા અપડેશન અંગેના જરૂરી દસ્તાવેજોની ફાઈલ નિભાવશે અને નકકી કરેલા દિવસે રોજગાર કચેરીમાં અપડેશનની વિગતો અને દસ્તાવેજોની ચકાસણી કરાવી સહી મેળવશે.

૫. જે તે કેન્દ્ર અસલ પ્રમાણપત્રની પાછળ અધિકૃત સીલ મારી અપડેશન તારીખ લખીને રોજગાર વાંચ્છુને પરત કરશે.

**અપડેશન રજીસ્ટરનો નમૂનો. :**

| અ.નં. | ઉમેદવારનું નામ | નોંધણી નંબર તારીખ | અપડેશનની વિગત | વસુલ કરવામા આવેલ ફી | ઉમેદવારનીસહી | અધિકૃત વ્યકિતની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

**ડ. વેકેન્સી : ખાલી જગ્યાઓની નોંધણી અને સબમીશન. :**

૧. અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો સરકારી / અર્ધ સરકારી નોકરીદાતાઓની જગ્યાઓ સિવાયના તમામ ખાનગી ક્ષેત્રમાં નોકરીદાતાઓની નોંધાયેલી / જાતે મેળવેલી જગ્યાઓ સામે સબમીશન કરી શકશે.

૨. ખાનગી નોકરીદાતાને આપવામાં આવેલ સબમીશન લીસ્ટની એક નકલ આ કેન્દ્ર પોતાની પાસે સાચવશે.

૩. નોંધાયેલ ખાલી જગ્યાઓનું નિયત થયેલ રજીસ્ટર નિભાવશે.

**નોંધાયેલ ખાલી જગ્યાઓનું રજીસ્ટર. :**

| અ.નં. | નોકરીદાતાનું નામ/સરનામ | ખાલી જગ્યાની વિગત | ખાલી જગ્યા નોંધાયા તારીખ | ઉમેદવારોના નામોની ભલામણ કર્યાની તારીખ | ઉમેદવારોનીસંખ્યા | જેતે પ્લેસમેન્ટ આવેલ તે તમામ ઉમેદવારોના રજી.નંબર. | રીમાર્કસ | સહી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

૪. આ કેન્દ્રની અધિકૃત વ્યકિત ખાનગીક્ષેત્રનાં નોકરીદાતાઓની મોટી સંખ્યામાં મુલાકાત લઈ નવી જગ્યાઓ મેળવી સબમીશનની કામગીરીમાં ખુબ જ વધારો કરશે.

૫. આ કેન્દ્ર ખાનગી નોકરીદાતાને ઉમેદવારો પુરા પાડવા માટે બંન્ને પક્ષને માન્ય હોય તેવી રીતે મહેનતાણું લઈ શકશે.

૬. આ કેન્દ્ર નામની ભલામણ કરવા બદલ તથા ખાનગીક્ષેત્રે નોકરી અપાવવા બદલ ઉમેદવાર પાસેથી કોઈપણ પ્રકારની ફી નાણાંકીય વળતર અને મહેનતાણું રોકડમાં કે અન્ય કોઈ સ્વરૂપે માંગી શકશે નહી કે સ્વીકારી શકશે નહી.

૭. આ કેન્દ્ર ધ્વારા જે ઉમેદવારોને રોજગારી મળે તેનું રજીસ્ટર નિભાવશે જે નકકી કરેલા દિવસે રોજગાર કચેરીમાં રોજગાર અધિકારીને બતાવી અને તેઓની સહી મેળવશે.

૮. આ કેન્દ્રની અધિકૃત વ્યકિત ખાનગીક્ષેત્રનાં જે જે નોકરીદાતાઓનો સંપર્ક કરશે તેનું એક રજીસ્ટર નિભાવશે અને આ રજીસ્ટર વધારેમાં વધારે સમૃધ્ધ બને તેવાં સંનષ્ટિ પ્રયત્નો કરશે.

**ઇ. નોકરીદાતાનું સંપર્ક રજીસ્ટર. :**

| અ.નં. | નોકરીદાતાનું નામ /સરનામું ટેલીફોન સાથ | સંપર્કસાધેલ વ્યકિતનુંનામ અને હોદ્દો | સંપર્ક કર્યાની તારીખ | મેળવેલ ખાલી જગ્યા | રીમાર્કસ | સહી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

**ઈ. રોજગાર કચેરીઓનાં રીટર્ન. :**

૧. અધિકૃત રોજગાર કેન્દ્ર ખાનગીક્ષેત્રનાં નોકરીદાતાઓનાં ખાલી જગ્યાની ફરજીયાત જાણના કાયદા (CNV Act) એ નકકી થયેલ ERI પત્રક તથા ER II પત્રક રોજગાર કચેરીને મોકલી શકશે.

૨. ER I પત્રક અને ER II પત્રક રોજગાર કચેરીને મોકલવા બદલ નોકરીદાતા પાસેથી ફી ચાર્જ કરી શકશે.

૩. ખાનગી ક્ષેત્રનાં નોકરીદાતાના ER I અને ER II જે પત્રકો રોજગાર કચેરીઓને મોકલશે તે નોકરીદાતાનું એક રજીસ્ટર નિભાવશે અને આ રજીસ્ટર રોજગાર કચેરીમાં નિયત તારીખે રજુ કરી તેની પર સહી મેળવશે.

**રોજગાર કચેરી ખાતે મોકલવામાં આવેલ રીટર્નની વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | નોકરીદાતાનું નામ/સરનામું | રીટર્ન મોકલવાનું કવાર્ટર | રીટર્નમોકલ્યા તારીખ | રીટર્નનો પ્રકાર | નોંધ | સહી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

૪. આ કેન્દ્ર જે તારીખે નોકરીદાતાનું ER પત્રકનો સ્વીકાર થશે તે ER પત્રક રીટર્નની સબમીશન તારીખ ગણાશે.

૫. આ કેન્દ્રને જો ER પત્રકો નોકરીદાતા દ્વારા મોડા, ખોટા મોકલવામાં આવશે અને તેમાંથી જે કાયદાકીય પરીણામો ઉભા થશે તેની જવાબદારી અધિકૃત રોજગાર કેન્દ્રની નહી પરંતુ સબંધિત નોકરીદાતાની રહેશે.

૬. આ કેન્દ્ર એકટ નીચે આવરી લેવા પાત્ર નોકરીદાતાઓની શોધ કરી નોકરીદાતા રજીસ્ટરમાં વધારો કરશે અને તેને અદ્યતન રાખશે.

**ઉ. વ્યવસાયિક માર્ગદર્શન. :**

૧. અધિકૃત રોજગાર કેન્દ્ર વેબસાઈટ ઉપરથી શૈક્ષણિક અને વ્યવસાયિક માહિતી રોજગાર વાંચ્છુ ઉમેદવારો, વિદ્યાર્થીઓને વાલીઓને આપશે.

૨. આ કેન્દ્ર ધ્વારા વેબસાઈટ ઉપર ઉપલબ્ધ શૈક્ષણિક અને વ્યવસાયિક માહિતીની માંગણી થતા તેનું પ્રિન્ટ આઉટ માંગણી કરનાર વ્યકિતને આપશે અને તે માટે પેઈઝ દીઠ નકકી થયેલ કિંમત / નાણાં સબંધિત વ્યકિત પાસેથી વસુલ કરી શકશે.

**ઊ. સ્વરોજગારી. :**

૧. અધિકૃત રોજગાર કેન્દ્ર વેબસાઈટ પર મુકવામાં આવેલ વિવિધ સ્વરોજગારની યોજનાઓ અંગેની માહિતી ઉમેદવારને પુરી પાડશે.

૨. ઉમેદવારને સ્વરોજગાર યોજના અંગે માહિતી પુરી પાડવા અંગે જેટલા સમય માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવશે તે માટે નકકી કરેલા દરે ઉમેદવારે કેન્દ્રને ફી પેટે નાણાંની ચુકવણી કરવાની રહેશે.

૩. ઉમેદવાર ધ્વારા સ્વરોજગાર યોજનાના પ્રિન્ટ આઉટની માંગણી થશે તો તે પ્રિન્ટ આઉટ આ કેન્દ્રે પુરૂં પાડવાનું રહેશે અને તે માટે ઉમેદવારે પેઈજ દીઠ નકકી કરેલા દરે આ કેન્દ્ર ઉમેદવાર પાસેથી ફી વસુલ કરી શકશે.

**એ. રીટર્ન અને રીપોર્ટસ. :**

દરેક રોજગાર સહાય કેન્દ્રએ દર માસના અંતે નીચેના ફોર્મમાં જીલ્લાની રોજગાર કચેરીને રીટર્ન મોકલવાનું રહેશે.

**રોજગાર સહાય કેન્દ્રનું નામ / સરનામું** માસ_____________ વર્ષ_____________

૧. કેટલા ઉમેદવારની નામ નોંધણી થઈ ______________ ______________

૨. કેટલી વધારાની લાયકાત નોંધી ______________ ______________

૩. કેટલા રીન્યુઅલ થયા ______________ ______________

૪. કેટલા ડુપ્લીકેટ ×–૧૦ આપ્યા. ______________ ______________

૫. નોકરીદાતાઓને કેટલી યાદી મોકલાવી. ______________ ______________

૬. કેટલા લોકોને વ્યવસાય માર્ગદર્શન આપ્યું. ______________ ______________

૭. કેટલા ઉમેદવારોને નોકરી મળી. ______________ ______________

| અ.નં. | ઉમેદવારનું નામ | નોકરીદાતાનું નામ/સરનામું | જગ્યાનું નામ | જગ્યાનો પગાર | હાજર થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

**(ઓ)** રોજગાર સહાય કેન્દ્ર ઉમેદવારોને રોજગારી પ્રાપ્ત કરવામાં જે સેવાઓ આપશે તે ઉત્તમ પ્રકારની હોવી જોઈએ. જેમાં તમામ ઉમેદવારો સાથે સારા વર્તન / વ્યવહારનો પણ સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિ ન થાય તે જોવાનું રહેશે. રોજગારી અધિકારી ધ્વારા સમયાંતરે અચાનક ઈન્સ્પેકશન પણ કરવામાં આવશે. આવા કેન્દ્રો શરૂથવાથી રોજગાર કચેરીઓની કામગીરી બંધ થઈ જતી નથી. પરંતુ સરકારી તંત્રની જે મર્યાદાઓ છે તેને પહોંચી વળવા માટે આવા અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરાયા છે. આવા કેન્દ્રો ફકત ખાનગી ક્ષેત્રની સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રની તમામ કામગીરી સંભાળશે જયારે સરકારી તંત્રની કામગીરી રોજગાર કચેરીઓ સંભાળશે અને આમ આવા કેન્દ્રો રોજગાર કચેરીની કામગીરી માટે પૂરક બની રહેશે.

**અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી શરૂ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ રગર/૧૧૨૦૦૨/૧૫૯૪/૨(૨)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૭/૦૨/૨૦૦૩.

**વંચાણે લીધા.** : નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગરના તારીખઃ /૧૦/૨૦૦૨નો પત્રાંકઃ રોતાનિ/ વમવ–ગ–૧/૨૦૦૨.

**ઠ રા વ. :**

રોજગાર સેવાનો પ્રચાર / પસાર સુદૃઢ રીતે થાય તે માટે રાજયમાં અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર ખાનગી ક્ષેત્રના સહકારથી અને ભાગીદારીથી શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. રોજગાર સંગઠનો રાજયમાં રોજગાર સેવાને વધારે લોકાભિમુખ, કાર્યક્ષમ અને પારદર્શિતાના અભિગમનો અમલ કરવા માટે આધુનિક ઉપકરણો, કોમ્પ્યુટર વિગેરેનો ઉપયોગ કરી રહેલ છે. પરીણામે રોજગાર કચેરી પાસે વસ્તુનિષ્ઠ, સુદૃઢ રોજગાર વાંચ્છુઓના ડેટા–બેઈઝ તૈયાર છે, અને આ ડેટા–બેઈઝ આધારિત વેબસાઈટ તૈયાર કરી ઈન્ટરનેટના માધ્યમ ધ્વારા નોકરીદાતા સુધી પહોંચવાનો પ્રયત્ન હાથ ધરેલ છે, અને આ વેબનું સ્ટ્રકચર સીમ્પલ અને ફ્રેન્ડલી યુઝર પધ્ધતિનું હોઈ, રોજગાર વાંચ્છુ અને નોકરીદાતા તેનો સરળતાથી ઉપયોગ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

૩. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી ધ્વારા ખાનગી ક્ષેત્રના સહકારથી અને ભાગીદારથી અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર નીચેની શરતો અને ધોરણો અનુસાર શરૂ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(ક) લા ય કા તો. :**

આવા કેન્દ્રો ખાનગી વ્યકિતઓ, સંસ્થાઓ અથવા બીન સરકારી સંગઠનોને ચલાવવા માટેની મંજુરી આપવામાં આવશે, જે માટે નીચે જણાવેલ માળખાકીય સગવડો હોવી અનિવાર્ય રહેશે.

(૧) કેન્દ્ર ચલાવવા માટે યોગ્ય તેમજ અધિકૃત જગા.
(૨) ટેલીફોન, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ કનેકશન ધરાવતા હોવા જોઈએ.
(૩) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નકકી કરે તેટલી વાર્ષિક ફી આવા કેન્દ્રએ ભરવાની રહેશે. હાલ આવી ફી નું ધોરણ વાર્ષિક રૂા. ૫,૦૦૦/– સુધી રાખવાનું રહેશે.
(૪) નિયામકશ્રી નકકી કરે તે મુજબની શૈક્ષણિક લાયકાતો વગેરે ધરાવતા હોવા જોઈએ.

**(ખ) કા મ ગી રી. :**

આ અધિકૃત રોજગાર સહાય કેન્દ્ર ધ્વારા નિયામકશ્રી રોજગાર અને તાલીમ, જે પ્રમાણે નકકી કરે તે મુજબની કાર્ય પધ્ધતિ અપનાવી રોજગાર વાંચ્છુઓ તેમજ નોકરીદાતાઓને સેવામાં પૂરી પાડવાની રહેશે. તેમજ આવી કામગીરીને અનુરૂપ જરૂરી પ્રચાર / પ્રસાર તેમજ જાહેરાત વિગેરે જેવી કામગીરી સ્વખર્ચે કરવાની રહેશે.

**(ગ) અધિકૃત રોજગાર સહાય કેન્દ્રની પસંદગીની પધ્ધતિ. :**

૧. રોજગાર સહાય કેન્દ્ર શરૂ કરવા રસ ધરાવતી વ્યકિત, સંસ્થા કે એનજીઓ પાસેથી જાહેરાત ધ્વારા.

૨. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર અરજીઓ મંગાવશે. આવેલી અરજીઓમાંથી ચકાસણી કર્યા બાદ યોગ્ય લાગે તે વ્યકિત, સંસ્થા કે એન.જી.ઓ. ને ઈન્ટરવ્યુ માટે બોલાવી, તેમાંથી પસંદગી કરશે.

૩. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, અધિકૃત કેન્દ્ર સાથે જે બોલીઓ અને શરતો નકકી કરશે તે પ્રમાણેની શરતો આવા કેન્દ્રને બંધનકર્તા રહેશે, અને તેમાં વખતો વખત ફેરફાર કરવાનો અધિકાર નિયામકશ્રીને રહેશે.

૪. નિયામકશ્રી, રોજગાર અને તાલીમએ ઉપર જણાવેલ પસંદગીની પધ્ધતિ અપનાવીને અધિકૃત રોજગાર સહાય કેન્દ્રને મંજુરી આપવાની રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/–
(એ. જી. સાગર)
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,
૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૨. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ.
૪. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / રાજકોટ.
૫. પ્રાદેશીક નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

**નંબરઃરગર/૧૧૨૦૦૪/૩૪૪/૨(૨)**
**શ્રમ અને રોજગાર વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ. ૧૬/૮/૨૦૦૪**

**પ્રતિ,**
**નિયામકશ્રી,**
**રોજગાર અને તાલીમ**
**ડૉ.જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર**

**વિષયઃ– ખાનગીક્ષેત્રની ભાગીદારીથી અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો શરુ કરવા બાબત. વર્ષઃ૨૦૦૪.**

શ્રીમાન,

ઉપરોકત વિષય અંગેના આપનો તા.૨૫/૨/૦૪ નો પત્રક્રમાંકઃરોતાનિ/મકમ/આરએસકે/૧૩૩/૦૪/૯૬/૦૪ ના અન્વયે જોવા વિનંતી છે.

૨. સદરહું બાબતે જણાવવાનું કે આપની દરખાસ્ત પર પુખ્ત વિચારણા કરવામાં આવેલ છે.

રાજયભરમાં તમામ તાલુકા સ્તરે ખાનગીક્ષેત્રના ઉમેદવારો / સંસ્થાઓ રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવા પ્રેરાય તે માટે નીચે મુજબની શરતોને આધિન આપની દરખાસ્તને મંજુર કરવામાં આવે છે.

(૧) મ્યુનિ કમિશ્નરો સાથેના શહેરો, મ્યુનિસિપાલીટી, ગ્રામ્ય વિસ્તારો, યુનિવ, બ્યુરો વગેરે તમામ સ્થળો માટે એક સમાન વાર્ષિક ફી રૂા. ૧૦૦૦/– (એક હજાર પુરા) રાખવામાં આવે છે.

(૨) ચેરીટેબલ ટ્રસ્ટ માટે વાર્ષિક રૂા. ૨.૦૦ લાખની આવકના ધારાધોરણો નાબુદ કરી રૂા.૧.૦૦ લાખની બેંક ગેરંટી રજુ કરવાની રહેશે. તેમજ રેવન્યુ સોલવન્સી પ્રથા નાબુદ કરવામાં આવે છે.

(૩) વ્યકિતગત / સંસ્થાકીય અરજીઓમાં વર્ષે રૂા. ૧૦૦૦/– ની ફી લેવાની રહેશે.

(૪) વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે અધિકૃત રોજગાર સહાય કેન્દ્રોની અરજીઓ મેળવવા માટે તૈયાર કરેલ માહિતી પુસ્તિકા / અરજીપત્રક / ૨૦૦૪ ના મુસદ્દાને મંજુરી આપવામાં આવે છે.

**આપનો વિશ્વાસુ**
**સહી/–**
**(એમ.આઈ.પાટડીયા)**
**સંયુકત સચિવ**
**શ્રમ અને રોજગાર વિભાગ**

**ખાનગીક્ષેત્રની ભાગીદારીથી અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**શ્રમ અને રોજગાર વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃરગર/૧૧૨૦૦૪/૩૪૪/૨(૨)**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ ૨૧/૧૦/૨૦૦૫**

**વંચાણે લીધાઃ ૧) શ્રમ અને રોજગાર વિભાગનો તા.૧૬/૮/૨૦૦૪નો પત્રક્રમાંકઃરગર/૧૧૨૦૦૪/ ૩૪૪/૨(૨)**
**૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ,ગુ.રા. ગાંધીનગરના તા.૨૪/૫/૦૫ નો પત્રક્રમાંકઃ રોતાનિ/રોસકે/૧૧૨૨/૧૭૫/૨૦૦૫.**

**ઠ રા વ. :–**

આમુખમાં ક્રમાંકઃ (૧) સામે દર્શાવેલ પત્ર અન્વયે ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી અધિકૃત રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવા અંગેની યોજનાની મંજુરી આપવામાં આવી છે. આ યોજનાનો વધુ લોકાભિમુખ બનાવવાના હેતુથી કેટલીક શરતો હળવી કરીને અમલમાં મુકવા આમુખમાં ક્રમાંકઃ (૨) સામે દર્શાવેલ નિયામકશ્રી રોજગાર અને તાલીમના પત્રથી કરેલ દરખાસ્ત વિચારણામાં લઈને આમુખમાં ક્રમાંકઃ (૧) સામે દર્શાવેલ પત્રથી જાહેર કરેલ યોજનામાં નીચેની શરતો મુજબ ફેરફાર કરીને ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) રોજગાર સહાય કેન્દ્રની અધિકૃતતા મેળવવા સંસ્થા/ઉમેદવારે રૂા. ૧.૦૦ (એક લાખ પુરા) ની બેન્કની ગેરંટી રજુ કરવા અંગેની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે.
(૨) સંચાલક પાસેથી વાર્ષિક ફી પેટે રાખવાની થતી રકમ રૂા.૧૦૦૦/– (એક હજાર પુરા) ને વાર્ષિકને બદલે ત્રણ વર્ષની મુદત માટે ગણવાની રહેશે.
(૩) સંચાલકે અધિકૃત સહાય કેન્દ્ર દર વર્ષે રીન્યુઅલ કરાવાના બદલે દર ૩(ત્રણ) વર્ષે રીન્યુઅલ કરાવવાના રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/–**
**(પી.વી.જેઠવા)**
**સેકશન અધિકારી**
**શ્રમ અને રોજગાર વિભાગ**

**પ્રતિ,**
**૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ગુ.રા. ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**૨. મહાલેખાકારશ્રી, રાજકોટ/ અમદાવાદ.**
**૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર**
**૪. નાણાં સલાહકારશ્રી,(શિક્ષણ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર**
**૫. નાણાં વિભાગ / 'ક' શાખા**
**૬. બજેટ શાખા ૨(૧) શાખા શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર**
**૭. સીલેકટ ફાઈલ ૯ નાયબ સેકશન અધિકારીશ્રી ફાઈલ ૨(૨)**